જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૩/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૪૨૩ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૩૨૦/૨૦૨૬**

રાણીપઃ માયાદેવી વા/ઓ હરીશકુમાર જોષી (ઉ.વ.૫૪)(રહે.હરીવીલા એપાર્ટમેન્ટ, કાશીબા રોડ, રાણીપ) એ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૬ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે રાણીપ બાબુભાઈના દવાખાના પાસે શ્રીજી ડેરી આગળ રોડ ઉપર માયાદેવી ચાલતા પસાર થતા હતા ત્યારે રામજી મંદિર તરફ થી એક અજાણ્યો એક્ટીવા ચાલક માયાદેવીની નજીક આવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૩,૨૫,૦૦૦/– મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૩૨૧/૨૦૨૬**

સેટેલાઈટઃ હસુમતીબહેન વા/ઓ મનુકુમાર મહેતા (ઉ.વ.૬૩)(રહે. મૌલિક ટેનામેન્ટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ) એ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૬ બપોરના ૩/૧૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આણંદ થી સેટેલાઇટ, જોધપુર “મૌલિક ટેનામેન્ટ્સ” પોતાના ઘર સુધીની એસ.ટી.બસ અને બી.આર.ટી.એસ. બસની મુસાફરી દરમ્યાન હસુમતીબહેનના મોટા પાકીટમાં મુકેલ બે નાના પાકીટ કે જેમાં સોનાનુ ડોકીયું કિમત રૂપિયા ૫૦,૦૦૦/–, સોનાની બંગડી નંગ–૪ કિમત રૂપિયા ૭૫,૦૦૦/–, સોનાની વિંટીઓ નંગ–૪ કિમત રૂપિયા ૭૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૨૦,૦૦૦/– ની મતા મુકેલ હતી તે બે નાના પાકીટ હસુમતીબહેનની નજર ચુકવી કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસંગ ભરતસંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી